GJVD060019052023

## RCS/52/2023

**આંક–૧ લગત હુકમ:–**

સદરહું દાવાનું રેકર્ડ વંચાણે લેતા, વાદીએ હાલનો દાવો વડોદરાની સીનીયર સીવીલ કોર્ટમાં સ્પે.મુ.નં.૨૪૪/૨૦૧૪ થી દાખલ કરેલો. ત્યારબાદ સદરહુ દાવાને રે.મુ.નં.૨૦૦૦/૨૦૧૫ નો પડેલો. ત્યારબાદ સદરહુ દાવાનું કામ પ્રિન્સીપાલ સિનિયર સીવીલ કોર્ટ, સાવલી ખાતે ટ્રાન્સફર થતા દાવાનો નવો રે.મુ.નં.૯૪/૨૦૧૮ પડેલો. ત્યારબાદ સદરહુ દાવાનું કામ પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, વાઘોડીયા ખાતે ટ્રાન્સફર થતા સદરહુ દાવાને રે.મુ.નં.પર/૨૦૨૩ આપવામાં આવેલ છે.

સદરહું દાવાનુ કામે અત્રે ટ્રાન્સફર થઈ આવતા સદરહુ કામ વાદીના પુરાવા ઉપર પેન્ડીંગ હતુ અને ત્યારબાદ વાદી તરફે તા.૨૨/૦૬/૨૦૨૩ ના રોજ આંક–૩૬ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ પ્રતિવાદી તરફે તેમના વિ.વ.શ્રી વી.પી. બારોટ હાજર થયેલ છે, પરંતુ વાદી કે વાદીની વિ.વ.શ્રી હાજર થયેલ નથી અને આ દાવાનું કામ વાદીની ઉલટ તપાસ માટે મુલત્વી રાખેલુ. ત્યારબાદ વાદી તરફે તા.૧૭/૧૦/૨૦૨૩ ના રોજ કોઈ હાજર ન હોય આંક–૩૬ નીચે હુકમ કરી વાદીનો પુરાવો રદ ગણવાનો હુકમ આવેલ છે. ત્યારબાદ દાવાના કામે ન્યાયના હિતમાં વાદીને વધુ પુરાવા રજુ કરવા છેલ્લી તક સાથે આજરોજની મુદ્દત આપવામાં આવેલી. ત્યારબાદ તા.૦૬/૧૧/૨૦૨૩, એટલે કે, આજરોજ પણ વાદી કે વાદીની વિ.વ.શ્રી હાજર નથી કે કોઈ રીપોર્ટ નથી. આમ સદરહુ દાવાનુ કામ વાદી તરફે આગળ ધપે તે મુજબની કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોય અને વાદીની સતત

ગેરહાજરીના કારણોસર દાવાનું કામ આગળ ચલાવી શકાય તેમ ન હોય, દાવો ઘણો જુનો હોય, સદરહુ દાવાનું કામ વાદીની કસુરના કારણે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ:છઠ્ઠી, માહે: નવેમ્બર, સને:૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ: ૦૬–૧૧–૨૦૨૩
સ્થળ: વાઘોડીયા.

**(પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)**
એડીશનલ સીવીલ જજ,
વાઘોડીયા.
[યુ.આઈ.સી.નં.જીજે૦૧૫૬૬]

S.R.Tadvi